GJTP020006112026

# મે. વ્યારાનાં ચીફ જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.વ્યારા, તાપી.

Criminal Case no.456/2026

આંક – ૦૫

| | | |
|---|---|---|
| **ફરિયાદી** | : | સરકારશ્રી |
| | | વિરૂદ્ધ |
| **આરોપી** | : | કલ્પેશભાઈ માકાભાઈ વસાવા,<br>રહે. ટીટોઇ, આમલી ફળિયું, તા.માંડવી, જિ.સુરત. |
| **બાબત** | : | બી. એન. એસ. - ૨૮૧ તથા એમ. વી. એકટની કલમ - ૧૭૭, ૧૮૪. |

## ચુકાદો

1. ફરિયાદપક્ષે આરોપી વિરૂદ્ધ બી.એન.એસ – ૨૮૧ તથા એમ. વી. એકટની કલમ – ૧૭૭, ૧૮૪ ભંગ બદલ પ્રોસીકયુશન મુજબની ફરિયાદ રજુ કરેલ છે.
2. આજરોજ અદાલતમાં આરોપી હાજર થતાં ફરિયાદની નકલો પુરી પાડી **આંક – ૦૩** થી ગુના કબુલાત પુરસીસ રજુ કરેલ. જે પુરસીસની હકીકત આરોપીને વાંચી સંભળાવી કબુલ રાખેલ.
3. આરોપીએ ગુન્હા કબુલાત પુરસીસ આપી તેમાં એવી હકીકત જાહેર કરેલ છે કે, મારો આ પ્રથમ ગુનો છે. અમો સામાન્ય અને ગરીબ વર્ગનાં છીએ, અમારે કોઈ સ્થિર ધંધો નથી, અમો છુટક મજુરીનું કામ કરીએ છીએ, અમોને મજુરી પણ દરરોજ મળતી નથી, જેથી રહેમ રાખવા અરજ ગુજારીએ છીએ.
4. આરોપી ખરેખર પોતાની સ્વેચ્છાએ ગુનો કબુલ કરતો હોવાની ખાત્રી કરવામાં આવેલ છે. વર્તમાનમાં કોર્ટમાં પેન્ડીંગ કેસની સાથે નવા દાખલ થતાં કેસોનું પ્રમાણ લક્ષમાં લેતાં ટુંકા સમયમાં હાલનાં ગુનાની

ટ્રાયલ ચલાવીને પુરી કરવી સંભવી શકે નહીં. આરોપીનો સમય, ફરિયાદપક્ષે સરકારી વકીલનો સમય, સરકારી સાહેદોનો સમય તથા કોર્ટનો સમય તથા ખર્ચ જે આ ટ્રાયલ પાછળ વ્યતિત થાય અને ટ્રાયલને અંતે આરોપી કસુરવાર ઠરે ત્યારે સજા અંગે ન્યાયીક હુકમ કરવામાં આવે તેના બદલે જો આરોપી પ્રથમ મુદ્દતે હાલનો ગુનો કબુલે છે ત્યારે તેણે ગુના કબુલ સંદર્ભે રજુ કરેલી હકીકતોની સાથે સરકાર તથા કોર્ટનો અને લીટીગન્ટનો જ સમય બચે છે તે અન્ય ગંભીર ગુનાની ટ્રાયલમાં યુટિલાઇઝ કરી શકાય તેમ હોઇ ઉપરાંત આરોપી જયારે પસ્તાવા સાથે ગુનાની કબુલાત કરતો હોય ત્યારે રેકર્ડ ઉપર આવેલી તમામ હકીકતો અને તમામ પરિસ્થિતિઓને ધ્યાને લઇ તેમજ **નામ. વડી અદાલતે ગુજરાત સરકાર વિ. નટવર હીરાચન્દ્રજી ઠાકોર, ૨૦૦૫ (૧) જી.એલ. આર. ૭૦૯** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંત ધ્યાને લઇ નક્કી કરેલી મિનિમમ સજા કરતાં ઓછી સજા કરીને મિનિમમ દંડ ભરવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનું હિત જળવાઇ રહે તેમ હોઇ ઉપરોકત સંજોગો ધ્યાને લઇ આરોપીને દોષિત ઠરાવી નીચે મુજબ હુકમ કરૂ છું.

**--:હુકમ:--**

આરોપીને બી.એન.એસ.એસની કલમ-૨૭૮(૨) અન્વયે બી.એન.એસ - ૨૮૧ તથા એમ. વી. એકટની કલમ - ૧૭૭, ૧૮૪ મુજબનાં ગુનામાં તકસીરવાન ઠરાવી આજરોજ આરોપીને રૂ.૫૦૦/- (અંકે રૂપિયા પાંચસો પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો દિન : ૭ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

ચુકાદો આજરોજ તા.૧૪ મી માહે ઓગષ્ટ સને ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી જાહેર કર્યો.

તારીખ : ૧૪ - ૦૮ - ૨૦૨૬

સ્થળ : તાપી, મુ. વ્યારા.

**(એમ. આઇ. એન. શેખ)**
ચીફ જયુડી. મેજિસ્ટ્રેટ એન્ડ
એડી. સીનીયર સિવિલ જજ
તાપી, મુ. વ્યારા.
(Code : GJ-01327)